**અગત્યનું**

ક્રમાંક:મઉમશબ/૨૦૧૮/ ૯૦૯૫૬૪૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 22/11/2018

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય.

વિષય :- ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ – ૪૨ અને ૪૩ માં સુધારો થતા કાયદાના સુધારાનો અમલ કરવા બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગના પત્રક્રમાંક:મશબ/૧૨૧૮/૯૮૫/છ તા.૨૦/૧૧/૨૦૧૮.

ઉપરોક્ત વિષય અને સંદર્ભે પરત્વે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ – ૪૨ અને ૪૩માં ગુજરાત વિધાનસભાએ સુધારો મંજૂર કરતા અને માન.રાજ્યપાલશ્રીની મંજૂરી મળતા ઉક્ત કલમોના સુધારા તા.૦૧/૧૧/૨૦૧૮ થી અમલમાં આવેલ છે. આ સુધારાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ કલમ | અગાઉની જોગવાઈ | સુધારા બાદની જોગવાઈ |
|---|---|---|
| ૧. કલમ ૪૨ કેટલીક કલમોના ભંગ અંગે શિક્ષાની જોગવાઈ | કોઈ પણ વ્યક્તિ કે જે કલમ-૩૧ ની પેટા કલમ (૧) નો ભંગ કરે અથવા ટ્રીબ્યુનલ દ્વારા કલમ-૩૯ ના પેટા કલમ (૯) અન્વયે આપવામાં આવેલ કોઈ હુકમનું પાલન કરવામાં નિષ્ફળ જાય, તેમાં દોષિત થયેથી, રૂપિયા એક સો થી ઓછી નહી અને રૂપિયા એક હજાર સુધી વધારી શકાય તેટલો દંડ કરવાનો રહેશે. | “કોઈ પણ વ્યક્તિ કે જે કલમ-૩૧ ની પેટા કલમ-(૧) નો ભંગ કરે, તેમાં દોષિત થયેથી, રૂપિયા એક લાખથી ઓછી નહી અને રૂપિયા બે લાખ સુધી વધારી શકાય તેટલો દંડ કરી શકશે.”<br>તે પ્રમાણેની જોગવાઈ કરવામાં આવી છે. |
| ૨. કલમ ૪૩(૪) કેટલાક (ખાનગી) દસ્તાવેજો (ગોપનીયતા) ભંગ અંગે શિક્ષાની જોગવાઈ | આ કલમ નીચે બનતા ગુના સંબંધે ગુનેગાર જાહેર થતી વ્યક્તિ, દોષિત થયેથી, બે વર્ષ સુધી લંબાવી શકાય તેટલી કેદની સજા અથવા રૂપિયા બસો સુધી વધારી શકાય તેટલો દંડ અથવા બંને સાથેની સજા થઈ શકશે. | “આ કલમ નીચે બનતા ગુના સંબંધે ગુનેગાર જાહેર થતી વ્યક્તિ, દોષિત થયેથી, ત્રણ વર્ષથી ઓછી નહી પણ પાંચ વર્ષ સુધી લંબાવી શકાય તેટલી કેદની સજા અથવા રૂપિયા બે લાખ સુધી લઇ શકાય તેટલો દંડ અથવા બંને સાથેની સજા થઇ શકશે.”<br>એ પ્રમાણેની જોગવાઈ કરવામાં આવી છે. |